ફોજદારી ઈન્કવાયરી નંબર 60-1988

## –:આંક–૧ તળેની ફરીયાદ તળેનો હુકમઃ–

(૧) આજરોજની સ્પેશ્યલ સીટીંગ કોર્ટમાં, આ કામ, આગળની ન્યાયિક કાર્યવાહી માટે હાથ ઉપર લેવામાં આવેલ છે અને હાલની સ્પેશીયલ સીંટીગમાં સી.આર.પી.સી. ની કલમ ૨૫૮ મુજબ પણ કેસો કાઢવામાં આવેલ છે જે બાબતે લોકઅદાલતમાં હાલનો કેસ પણ ઘ્યાને લેવામાં આવેલ છે.

(૨) હાલના કેસનું રેકર્ડ ધ્યાને લેતા, ફરિયાદી દવારા કોર્ટ ખાનગી ફરિયાદ દાખલ કરવામાં આવતા, કોર્ટ દવારા સદર ફરિયાદ, ફરિયાદીના વેરિફિકેશન માટે રાખવાનો હુકમ કરવામા આવેલ છે, તેમછતા ફરિયાદી નિયત મુદતે કે ત્યારબાદ લાંબા સમયથી હાજર ન રહેતા, કોર્ટ દવારા ફરિયાદીને ઘણી બધી તકો આપવા છતાં, ફરીયાદી કોર્ટમાં હાજર રહેલ નથી અને સદરહું ફરીયાદ ઘણા સમયથી આગળની કોઈપણ કાર્યવાહી વગર ચાલી આવેલી છે. વધુમાં હાલના કામે રેકોર્ડની ચકાસણી કરતાં સદરહું કામમાં ફરીયાદીએ કોઈ રસ લીધેલ નથી અને આરોપીને હાજર રખાવવા માટે કોઈ કાર્યવાહી કરેલ નથી. આમ, આ કામના ફરિયાદી દવારા હાલની ફરીયાદમા કોઈ આગળનો પુરાવો રજુ કરેલ નથી અને અત્રેની કોર્ટનો કિંમતી સમય બગાડેલ છે અને જેના કારણે અદાલત પર કેસોનું ઘણુ બધું ભારણ આવે છે. અને સી.આર.પી.સી. ની કલમ ૨૦૩ ના તત્વોને ઘ્યાને લેતાંસદરહું ફરીયાદને આગળ ચલાવવા માટે પુરતા સંજોગો અથવા પુરાવો જણાઈ આવતો નથી.

આમ, ફરીયાદીને હાલની ફરિયાદ આગળ ચલાવવામાં રસ ન હોવાનુ રેકર્ડ પરથી જણાય આવે છે, તે સંજોગોમાં ફરિયાદીની ગેરહાજરીના કારણે તથા વોન્ટ ઓફ પ્રોસિકયુશનના કારણે હાલની ફરિયાદ ફોજદારી કાર્યરિતી સંહિતાની કલમ–૨૦૩ મુજબ રદ કરવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજ તારીખ: ૧૨મી, માહે: માર્ચ, સને ૨૦૨૨ ના રોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૨/૦૩/૨૦૨૨ (ગૌરવ શર્મા)
*અમદાવાદ* *ચોથા એડી.જયુ.મેજી.ફ.ક. જજ,*
*અમદાવાદ ગ્રામ્ય*

યુ.આઈ.સી.કોડ નં.૦૧૪૪૩